13289-321

ક્રમાંક : જીસીઇઆરટી/સીએન્ડઇ/ 2024
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-12, ગાંધીનગર
ફોન : (079) 23256813-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
e-mail : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in

સત્યમેવ જયતે

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

તારીખ : /06 /2024

27 JUN 2024

પ્રતિ,

પ્રાચાર્યશ્રી,

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,

તમામ

વિષય: ધોરણ 2 થી 8માં વિદ્યાર્થીઓના વાચન, લેખન, ગણન વિકાસ માટે આયોજન કરવા અંગે

સંદર્ભ : અત્રેનીકચેરીનો પત્ર No. GCERT/ C&E/ નિપુણ/12401-12513 તા : 15.06.2024

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે NEP-2020માં બાળકોને પાયાનાં કૌશલ્યો એટલે કે સમજપૂર્વકનું વાંચન, સમજપૂર્વકનું અને સહેતુક લેખન તેમજ પાયાના ગણનનાં કૌશલ્યો એટલે કે FLN કૌશલ્યોમાં પારંગત બનાવવા પર ખૂબ જ ભાર મૂકવામાં આવેલ છે.

જે સારુ આપના જિલ્લા માટે ધોરણ 2 થી 8ના બાળકોના વાચન-લેખન-ગણનને વિકસાવવા નીચે મુજબની બાબતોને ધ્યાને લઇને સ્થાનિક જરૂરિયાત મુજબનું વાચન-લેખન-ગણનનાં શિક્ષણકાર્ય, મૂલ્યાંકન અને મોનિટરિંગ માટેનું યોગ્ય આયોજન તેમજ ફોલોઅપ કાર્ય આપની કક્ષાએથી કરી અત્રેની કચેરીને **તા. 01 જુલાઇ, 2024** સુધીમાં જાણ કરવાની રહેશે.

1. વર્ગના બાળકો વાચન-લેખન-ગણનમાં કચાશ ધરાવે છે તે શાળાના શિક્ષકો જ સૌથી સારી રીતે સમજી શકે છે. આથી તમામ શિક્ષકોએ બાળકોની જરૂરિયાત મુજબ **વાચન-લેખન-ગણન માટે શિક્ષણકાર્ય** કરાવવાનું રહેશે. આ માટે **ડાયેટ ફેકલ્ટી, બીઆરસી, સીઆરસી તેમજ બીઆરપી -નિપુણ દ્વારા શિક્ષકોનું હેન્ડ હોલ્ડિંગ** કરીને બાળકોના પાયાના વાચન-લેખન-ગણનના કૌશલ્યો વિકસાવવામાં સહાયરૂપ બનવાનું રહેશે.
2. ધોરણ 2 થી 8 ના તમામ શિક્ષકોએ પોતાની શાળાનું પ્રત્યેક વર્ગના બાળક જે તે ધોરણ પૈકીની વાચન-લેખન-ગણનમાં **કયા સ્તરે કચાશ ધરાવે છે, તેની નોંધ રાખવાની રહેશે.**
3. ધોરણ 2 થી 8 ના તમામ શિક્ષકોએ પોતાના વર્ગના પ્રત્યેક બાળકની વાચન-લેખન-ગણનમાં રહેલી કચાશ દૂર કરવા માટે **વ્યક્તિગત ઉપચારાત્મક શિક્ષણકાર્ય** માટે યોગ્ય આયોજન મુજબ કાર્ય કરવાનું રહેશે.
4. વર્ગના મોટાભાગનાં બાળકો વાચન-લેખન-ગણનમાં કચાશ ધરાવતા હોય તેમના માટે **સામૂહિક ઉપચારાત્મક કાર્ય** કરાવવાનું રહેશે. આ સારુ સ્થાનિક કક્ષાએ જરૂરિયાત મુજબ યોગ્ય આયોજન કરવાનું રહેશે.

5. આ પ્રકારના ઉપચારાત્મક કાર્ય માટે ધોરણ 2 થી 8 ના તમામ શિક્ષકોએ સમયનું યોગ્ય આયોજન કરી વિદ્યાર્થીઓના વાચન-લેખન-ગણનના કૌશલ્યોમાં રહેલી કચાશ દૂર કરવા પ્રયત્નો કરવાના રહેશે.
6. **ડાયેટ પ્રાચાર્યશ્રી, ડાયેટ વ્યાખ્યાતા, BRCc, CRCc તેમજ BRP NIPUN** દ્વારા આ વાચન-લેખન –ગણન વિકાસ માટેના ઉપચારાત્મક શિક્ષણકાર્યનું સમયાંતરે મોનિટરિંગ કરી ડાયેટ ખાતે રીપોર્ટીંગ કરવાનું રહેશે.
7. રાજ્ય દ્વારા સમયાંતરે થનાર મૂલ્યાંકન પહેલાં પોતાના વર્ગના વિદ્યાર્થીઓને વાચન-લેખન-ગણન કૌશલ્યોમાં પારંગત કરવાના રહેશે.

સદર કાર્યની ગંભીરતાને ધ્યાને લઇને આયોજન અને અમલીકરણની કામગીરી માટે આગળની કાર્યવાહી કરવા આથી આપને જણાવવામાં આવે છે.

(પ્રકાશ ત્રિવેદી )
નિયામક,
જીસીઇઆરટી,
ગાંધીનગર

નકલ સવિનય રવાના:

- માન. શિક્ષણ સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર
- માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ કચેરી, ગાંધીનગર